રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

તું નજીક આવે અને જ્યારે અડે
જીવવા માટે જીવન ઓછું પડે
તું જ છે આઠે પ્રહરની આરઝુ
ને મને થોડી ઘડી તું સાંપડે
કેટલી તકલીફ પડતી હોય છે
સાવ સાચું બોલવાનું આવડે
કેમ વાવાઝોડું આવી જાય છે ?
એક બારી જે ઘડીએ ઊઘડે
હું જ મારી સામે આવી જાઉં છું
કોણ બીજું સામે આવીને લડે
તારી મૂર્તિઓ મને દેખાય છે
મન વગર હાથે ઘણાં શિલ્પો ઘડે

ભરત વિંઝુડા

પાથેય

અડીખમ સારપનાં શિલ્પો...

આપણે સહુ રંગમંચના કલાકારો જેવા છીએ..જે પાત્ર મને એ ભજવવું પડે છે..એ ફરજિયાત ગણીએ તો એનો ભાર લાગે..પરંતુ જો એને જીવનનો અનિવાર્ય હિસ્સો ગણી એમાં ઓતપ્રોત થઈ જઈએ તો આપણું કિરદાર દીપી ઉઠે છે..આપણી દોર જેના હાથમાં છે એને કિરતાર કહેવાય..કઠપૂતળી જેવા આપણે સહુ એના ઇશારે જીવીએ છીએ..કોઇ લોકકવિ કહે છે એમ 'ધણી તું ગાડું મારૂં કયાં લઇ જાય એ હું કશું જ જાણતો નથી..'..આમછતાં વિશ્વાસ કે શ્રધ્ધાના એક લગામ આપણને સતત ગતિશીલ રાખે છે..દુનિયાના લોકો એને સમજદારી કહે છે..આપણી ઇચ્છા એ કોઇક પરમ તત્વના આશીર્વાદ ઉપર નિર્ભર છે એ જાણી લઈએ તો આપણે જે ભૂમિકા નિભાવવાની છે એમાં નિખાર આવતો હોય છે..પોતાને મળેલ તક કે જીવનને જે બખૂબી ન્યાય આપે એ જ સાચો સમજદાર માણસ ગણાય.

આપણે એટલે આપણી જાત આપણા સંજોગો અને આપણી આસપાસનું જગત..અનેક અડચણો એમાં અવરોધ બનીને ઉભી હોય છે..આપણું જીવવું એ કોઇ ઉગતી વેલ જેવું હોય છે..જે ભીંત આપણો રસ્તો રોકીને ઉભી હોય એને જ આપણો આધાર બનાવી આપણે આગળ વધવાનું હોય છે..પરેશાની જ રાહત છે એવું 'કલાપી ' એ કહયું છે એ જાણે આ વાતનો જ સાર છે..આમ જે વિવસ્વાન વાત છે એને વેંઢારવાની રીતે નથી જોવાની..આપણા જોવામાં નજાકત હોય તો જ આ વિસ્મય આપણને દેખાય છે..વિકસતી વેલનો વૈભવ અને એની ખુમારી જાણે આપણે માટે પાઠશાળા બની જાય છે..!

અવરોધોની સામે આગળ વધવું આસાન નથી..એના માટે ધીરજ જરૂરી છે..સહનશક્તિ કે આવડત આવશ્યક છે..ઘણા લોકો કારણવગર પ્રતિક્રિયાઓ આપી મુશ્કેલીઓને વધારે અસહય બનાવતા રહે છે..જગતમાં જે કંઈ અડચણો છે એની સામે પ્રેમ અને અનુકૂલન સાથે આગળ વધીએ તો જ કોઇ ધ્યેય પ્રાપ્ત થતું હોય છે..કોઇ આપણું અહિત કરે અને આપણે જો બદલાની ભાવનાથી એનો એવો જ પ્રતિકાર કરીએ તો એમાં બંને પક્ષે ખુવારી થતી હોય છે..વેરનો બદલો વેર એમાં એક આવેગ હોય છે. ઘણા લોકોને એમાં વટ કે ખુમારી પણ લાગતી રહે છે. બદલો જયારે આપણી ઇચ્છાઓ મુજબ લેવાય ત્યારે એનો રોમાંચ કે પરાક્રમો સહુને પોરસ ચડાવે છે..વાસ્તવમાં આ એક નકારાત્મક સફર છે..ક્ષમા કે જતું કરવાની ભાવના જ સાચો પ્રતિકાર હોય છે..એથી પણ આગળ જો કોઇ ઇલમ હોય તો એ છે કે આપણું અહિત કરનારનું પણ સારૂં ઇચ્છવું. સામાન્ય રીતે આદર્શ જેવી લાગતી આ બાબત હકિકતમાં સફર જીવનની ચાવી છે.કેટલાક લોકો આ રીતે જીવે છે અને જીવનનો સાચો અર્થ સમજે છે...કોઇ આપણા ગાલ ઉપર એક તમાચો મારે ત્યારે એની સામે બીજો ગાલ ધરવો એટલે સામેની વ્યકિતમાં પડેલી સારપમાં અડીખમ શ્રધ્ધા રાખવી.આને ગાંધીપણું કહેવાય..બહારથી આદર્શમય લાગતી આ વાત વાસ્તવમાં માણસાઈ ઉપરના આપણા હસ્તાક્ષર જેવી છે..એ થકી મળતો પ્રતિસાદ એ જ સંતોષના મુદ્રાલેખ જેવો હોય છે..

એણે એના જૂના-પુરાણા ખિસ્સામાંથી એક બાળકનો ફોટો કાઢ્યો

સાંજ ઢળી રહી હતી. સમુદ્રનાં મોજાં દરિયાકિનારે આશા લઈને ધસમસતાં આવી રહ્યાં હતાં. પણ પછી મુઠ્ઠીમાં સપનાંઓ લઈને ફરતા આશાવાદી યુવાનને જેમ દુનિયાની વરવી વાસ્તવિકતા સમજાઈ જાય અને એ નિરાશા તરફ ધકેલાઈ જાય એમ એ મોજાંઓ પણ ખડકો સાથે પછડાઈને પાછાં ફરી જતાં હતાં.

હું દરિયાદેવની રમત નિહાળી રહ્યો હતો. આ મોટા શહેરમાં મારી થોડા સમય પહેલાં જ બદલી થઈ હતી. હું પોતે પણ જરા સેટ થઈ જઉં અને સારું ક્વાર્ટર મળી જાય પછી ફેમિલીને બોલાવી લઉં એવું વિચારીને હાલ તો હું એકલો જ અહીં આવી ગયો હતો. જો કે સાવ એકલો પણ નહોતો. મારો પાળેલો કૂતરો 'ગાર્ડ' મારો એટલો હેવાયો હતો કે એ મારા સિવાય કોઈની પાસે રહે એમ નહોતો. એટલે હું એને મારી સાથે લાવ્યો હતો.

હજી તો મેં એક રૂમ-રસોડાનો ફ્લેટ ભાડે રાખ્યો હતો. એમાં અમે બંને રહેતાં હતાં. એ મારી સાથે ઓફિસ પણ આવતો અને હું કામમાં હોઉં ત્યારે એ બહાર બેસી રહેતો. સાંજ પડ્યે અમે બંને દરિયાકિનારે ટહેલવા નીકળતાં. આમે ય અહીં હું ખાસ કોઈને ઓળખતો નહોતો એટલે મારે પણ ઓફિસનો થાક ઉતારવા અને સાંજનો સમય પસાર કરવાનો આ શ્રેષ્ઠ રસ્તો હતો.

'ગાર્ડ' હતો તો બહુ લાગણીવાળો પણ આળસુ ઘણો! એને સમુદ્રકિનારાની રેતીમાં આળોટયા કરવું બહુ ગમતું. હું એ વખતે દૂર સુધી કિનારા પર ચાલવા નીકળી જતો. એ બહાને મને આવતાં-જતાં લોકો પણ હવે ઓળખવા માંડ્યાં હતાં. હું બહુ લાંબો આંટો મારીને પાછો આવતો ત્યારે 'ગાર્ડ' લોથપોથ થઈને રેતી પર મોં નાખીને ઊંઘી ગયો હોય!

એવું બે'ક અઠવાડિયાં ચાલ્યું પછી એક સાંજે હું દરિયાકિનારે ચાલી રહ્યો હતો. અંધારું આકાશમાં પગપેસારો કરી રહ્યું હતું. લોકોની અવરજવર ધીમે-ધીમે ઓછી થઈ રહી હતી. હું ટહેલતો-ટહેલતો મોજાંઓની રમત નિહાળતો આગળ વધી રહ્યો હતો. દૂર-દૂર શહેરની લાઈટો દેખાઈ રહી હતી.

ત્યાં મારા પગે કંઈક ઠેબે ચડ્યું. મેં વાંકા વળીને જોયું તો એક ભિખારી જેવો લાગતો માણસ ટૂંટિયું વળીને પડ્યો હતો. એના હાથમાં ચાવી આપીને ચલાવી શકાય એવી રમકડાંની જીપ હતી. મેં પૂછ્યું, "વાગ્યું તો નથી ને?" એણે મારી સામે જોયું. "મને તો નથી વાગ્યું. પણ હું તમારા રસ્તામાં આવ્યો તો તમને વાગ્યું હશે." મને સહાનુભૂતિ ઉપજી. મેં કહ્યું, "ભાઈ, તમે જરા આઘા ખસશો તો તમને પણ નહીં વાગે અને અહીંથી પસાર થતા કોઈને પણ નહીં વાગે." એ ફિક્કું હસ્યો. "સાહેબ, હું અહીં દરરોજ એક આશાએ આવું છું. કદાચ એ મળી જાય તો...."

મને એની વાતમાં રસ પડ્યો. એને ટેકો આપીને જરા દૂર બેસાડીને મેં એને મારા ખિસ્સામાં ચારેક બિસ્કિટ પડ્યાં હતાં એ ખવડાવ્યાં. એનામાં જરા તાકાત આવી. પછી મેં પૂછ્યું, "કોની વાત કરો છો? કોને મળવું છે?" એના ચહેરા ઉપર અતીતની યાદો પથરાઈ ગઈ. "સાહેબ, અહીંથી થોડે દૂર ઝૂંપડપટ્ટીમાં મારું ઘર છે. એમાં હું ને મારો નાનકો રહીએ છીએ....રહેતાં હતાં."

ઊંડા નિઃસાસા સાથે એણે વાત આગળ ધપાવી. "એ મારો અને હું એનો એક જ આધાર હતો. નાનકાની મા નાનકો બે વરસનો હતો ત્યારે એક જીવલેણ બીમારીમાં ભગવાનના ઘરે જતી રહી. તે પછી મારા સમાજવાળાઓએ મને બહુ કીધું પણ હું નાનકાને સાવકી માના ત્રાસમાં પડવા દેવા નહોતો માંગતો એટલે બીજું ઘર ન કર્યું. રોજ નાનકાને અહીં લઈને હું આવું. એ અહીં રેતીમાં રાજી-રાજી થઈને રમે ને મારો જીવ ઠરે. એમ ને એમ એ પાંચ વરસનો થયો."

એની આંખોમાં આંસુ તગતગી રહ્યાં. "એક દિ' એણે રમકડાંની જીપ લેવાની જીદ પકડી. મને કહે કે હું અહીં રમું છું ત્યાં તમે એ લઈ આવો. એટલે હું સા.....મેની બાજુએ એ લેવા ગયો. રેતી ઉપરથી ચાલીને એ ખરીદીને પાછો આવતાં મને થોડીક વાર લાગી. પણ એ પછી જીપ લઈને હું અહીં આવ્યો ત્યારે.....ત્યારે નાનકાનો પત્તો નહોતો. લોકો કહે છે કે....." એની જીભ બોલતાં અટકી ગઈ એટલે મેં વાતનો તંતુ સાધ્યો. "શું કહે છે લોકો?"

એ રડી પડ્યો. "સાહેબ, લોકો કહે છે કે નાનકો આ દરિયાના મોજાંમાં ખેંચાઈ ગયો. એની.....એની ચીસો ય ક્યારેક રાત્રે સંભળાય છે. કોઈક રડતું હોય એવો અવાજ પણ આવે છે. પણ હું તો બાપ છું ને સાહેબ? મારો નાનકો જો ક્યારેક દેખાય એના માટે હું એ બધું પણ જીરવવા તૈયાર છું."

મેં કહ્યું, "તમારી પાસે એનો કોઈ ફોટો છે?" એણે એના જૂના-પુરાણા ખિસ્સામાંથી એક બાળકનો ફોટો કાઢ્યો. મેં કહ્યું, "હું પ્રયત્ન કરું છું જો કોઈએ આનો મૃતદેહ જોયો હોય તો...." એને ગળે ડૂમો ભરાઈ ગયો. "એમ ન કહો સાહેબ, એને એક વાર જીવતો જોવો છે."

એને સાંત્વન આપીને હું પાછો ફર્યો. બીજે દિવસે મેં ઓફિસમાં આ વાત કરી. મારા સહકર્મચારીઓએ પણ એ વાતને અનુમોદન આપ્યું કે ચીસો અને રડવાના અવાજની વાત તો એમણે પણ સાંભળી છે. મેં અખબારમાં બાળકના ફોટા સાથે ગૂમ વ્યક્તિની તલાશમાં જાહેરાત આપી. એ વાતને ત્રણ દિવસ વીતી ગયા. રોજ સાંજે નાનકાનો બાપ મને ત્યાં જ મળતો અને નાનકાનો કંઈ પત્તો મળ્યો કે નહીં એ બાબતે પૂછતો. હવે તો 'ગાર્ડ' પણ મારી સાથે ત્યાં આવતો થઈ ગયો હતો. અને દરિયાની સામે જોઈને જોર-જોરથી ભસતો હતો. મને પણ ખાતરી થવા લાગી હતી કે નાનકો દરિયામાં જ સમાઈ ગયો હશે.

સ-રસ

મમતા બુચ

ચોથે દિવસે સારા ઘરના ભણેલા-ગણેલા દેખાતા વીસેક વર્ષના એક યુવાને મારી ઓફિસમાં પ્રવેશ કર્યો. બધાંને મારા વિષે પૂછીને એ મારા ટેબલ પર આવીને અટક્યો. "ન્યૂઝપેપરમાં બાળક ગૂમ થવાની જાહેરાત તમે આપી હતી?" મારી આંખોમાં ચમક આવી ગઈ. પણ એની આંખો ઝૂકી ગઈ. "હું નાનકો. મને મારા બાપુ પાસે લઈ જશો?"

આમે ય ઓફિસ બંધ થવાનો સમય થઈ જ ગયો હતો. મેં એને મારી કારમાં સાથે લીધો. એણે કાર એ રહેતો હતો એ ઝૂંપડપટ્ટી તરફ લેવડાવી. યુવાન ઉદાસ સ્વરે કહેતો રહ્યો, "પંદરેક વર્ષ પહેલાંની વાત છે. હું પાંચ વરસનો હતો ત્યારે એક દિવસ મેં રમકડાંની જીપ લેવાની જીદ પકડી. મને દરિયાકિનારે રમતો મૂકીને બાપુ રમકડું લેવા ગયા. હું રમતો-રમતો ક્યાંય આગળ પહોંચી ગયો. પછી બાપુને શોધવા માંડ્યો પણ બાપુ મળ્યા નહીં. હું જોર-જોરથી રડી રહ્યો હતો ત્યાં એક નિઃસંતાન પણ ધનવાન દંપતીએ મને સંભાળ્યો. ઘણું ય પૂછ્યું પણ મને અમારું સરનામું બતાવતાં ન આવડ્યું. આખરે મને એ એમના ઘરે લઈ ગયાં. કદાચ હું એમનું સંતાન થઈને રહું એવી એમને છૂપી આશા પણ હશે એટલે મને પોલીસને ન સોંપ્યો. મોટા થયા પછી મેં હું એ રહેતો હતો એ ઝૂંપડપટ્ટી બાજુ બાપુને બહુ શોધ્યા પણ એ ન મળ્યા. મારો ફોટો ન્યૂઝપેપરમાં જોઈને મેં તમારો કોન્ટેક્ટ....."

એની ઝૂંપડપટ્ટીમાં ગયાં તો જાણવા મળ્યું કે...એનો બાપ તો પછી પાગલ જેવો થઈ ગયો હતો અને એના દિકરાને દરિયાકિનારે શોધતાં-શોધતાં એ ખુદ દરિયાનાં મોજાંમાં..... એ પછી હજી પણ ત્યાં ચીસોના અને રડવાના અવાજો સંભળાય છે.

હું અને નાનકો એ જગ્યાએ પહોંચ્યા ત્યારે ત્યાં કોઈ ન મળ્યું. ફક્ત પેલી રમકડાંની જીપ પડી હતી. એ અચાનક જીવંત થઈ ઊઠી અને હરખાતી હોય એમ જાતે જ ચાલુ થઈને નાનકાની આસપાસ દોડવા લાગી. સડસડાટ દોડતી એ જીપ થોડી ક્ષણોમાં દરિયા ભણી દોડી અને મોજાંઓમાં અલોપ થઈ ગઈ. તે પછી કોઈને ક્યારેય ચીસો કે રડવાના અવાજો સંભળાયા નથી.

mtabuch150@gmail.com

રૂપિયા ઉધઈ જેવા છે, ધ્યાન ના રાખો તો એ તમારો વિવેક ખાઈ જાય છે!

એક ખૂબ હોશિયાર માણસ હતો. એ જ્યારે વીસ વરસનો હતો અને કોલેજમાં ભણતો હતો ત્યારે જ એણે સસ્તું પ્રિન્ટર બનાવી બજારમાં વેચાતું કરેલું. એ એના જીવનનું પહેલું મોટું સાહસ હતું અને એમાં સફળતા મળતા જ એના હાથમાં માનો રૂપિયા બનાવવાનો નુસખો આવી ગયો હતો. એ પછી તો એણે કેટલીય નવી કંપની ખોલી, કેટલાય રૂપિયા કમાયા અને છકી ગયો!

એ માણસ એક વખત એક હોટેલમાં ગયો હતો. ત્યાં ભૂલથી એના હાથે ટેબલ પર રાખેલી એક કિંમતી ફૂલદાની નીચે પડી ગઈ અને તૂટી ગઈ. હોટેલનો મેનેજર તરત ત્યાં દોડી આવ્યો અને કહ્યું, "એ ફૂલદાની ખૂબ કિંમતી હતી. હોટેલના માલિક જાતે એને વિદેશથી પસંદ કરીને લઈ આવ્યા હતા. તમારે એની કિંમત ચૂકવવી પડશે.'

એ અમીર માણસે ખૂબ જ રુક્ષતાથી કહ્યું, "તારી બકબક બંધ કર અને એ ફૂલદાનીની કિંમત બોલ. મારી પાસે ઘણા રૂપિયા છે હું હાલ જ ચૂકવી આપીશ.' આટલું કહેતા એણે એના પાટલૂનના ગજવામાંથી એક નોટોનું બંડલ કાઢ્યું અને મેનેજરના હાથમાં પકડાવ્યું. એ દિવસે આખી હોટેલના સ્ટાફને એ માણસ નહોતો ગમ્યો. આ ઘટનાના થોડા દિવસો બાદ એક બીજી જગ્યાએ એ માણસ દારૂના નશામાં ટલ્લી થઈ ખુરશી પર ઊભો રહી ચાંદીના સિક્કા ઉલાળી રહ્યો હતો અને બૂમો પાડી રહ્યો હતો, "આવો ગરીબો આવો, લો લઈ જાઓ આ ચાંદીના સિક્કા. હું લુંટાવા બેઠો છું લૂંટી લો મને!'

કેટલાક વખાના માર્યા માણસો એ સિક્કા વીણી રહ્યા હતા તો કેટલાક એ અમીર માણસને વખોડી રહ્યા હતા. એને લીધે જ એ જગ્યાએ ચાલી રહેલી એક બર્થડે પાર્ટી ખરાબ થઈ હતી. જેનો જન્મદિવસ હતો એ યુવાન છોકરી અને એના માબાપ લાચાર થઈને આ તમાશો જોઈ રહેલા. ત્યાં હાજર દરેક જણ પાર્ટી છોડી આ અમીર માણસનું નાટક જોવામાં વ્યસ્ત હતું.

એ માણસ રૂપિયા તો ખૂબ કમાયો પણ વિવેક ગુમાવતો ગયો. જેમ જેમ એ આર્થિક રીતે ઉપર ચઢતો ગયો તેમ તેમ લોકોની નજરમાંથી ઉતરતો ગયો. એક વખત તો એવો આવ્યો કે એને જોઈને લોકો મોઢું ફેરવી લેવા માંડ્યા. એને એ ક્યારેય સમજાયું જ નહિ કે ગણિતના સમીકરણ વાપરી રૂપિયા રળી શકાય વિવેક નહીં!

એક બીજા માણસની વાત કરું. એ ગરીબ ઘરમાં જન્મેલો. ખૂબ કરકસર કરીને એ ભણ્યો હતો અને એક બેંકમાં સારા હોદ્દા પર નોકરી મેળવેલી. હાથમાં રૂપિયા આવતા જ એણે સૌ પહેલા એક મોટું ઘર ખરીદી લીધેલું જેથી એ એની પત્ની, માબાપ અને ભાઈઓ સાથે રહી શકે.

એ માણસની બેંક નજીકમાં જ હતી જ્યાં એ જીવનભર ચાલતો જ જતો. એણે જીવનમાં ક્યારેય પોતાને માટે ગાડી ન હતી ખરીદી. સાદું જીવન એને અને એના ઘરના લોકોને માફક આવી ગયેલું. જીવનભર એને કોઈએ નોટીશ ન હતો કર્યો. બધા માટે શહેરના બીજા અનેક મધ્યમવર્ગી માણસોમાંનો જ તે પણ એક હતો.

વરસો બાદ થોડા દિવસોની માંદગી ભોગવી એ માણસ મરી ગયો અને ત્યારે એના શહેરના દરેક છાપામાં એનો ફોટો દિવસો સુધી છપાતો રહેલો. એની વસિયતમાં લાખો રૂપિયા શહેરમાં ચાલતી કેટલીક સેવાભાવી સંસ્થાઓને નામ કરેલા હતા. બધાને નવાઈ લાગેલી કે આ સાવ સાદા દેખાતા માણસ પાસે આટલા બધા રૂપિયા આવ્યા ક્યાંથી? પછીથી જાણ થઈ કે એ માણસ દેખાવે સાદો હતો પણ એને નાણાં ક્યાં રોકવા એની પાક્કી ખબર હતી. એણે એક એક રૂપિયો એવા શેરમાં રોકયો હતો જેના ભાવ અત્યારે આસમાને હતા! એણે ક્યારેય એ રૂપિયાનો ઉપયોગ નહોતો કર્યો કેમ કે એની જરૂરિયાત તો એના પગારમાંથી જ પૂરી થઈ જતી હતી.

નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

આ માણસના ફોટા છાપામાં આવ્યા એ જ વખતે એક બીજા માણસનું પણ મૃત્યુ થયેલું અને એનુંય નામ ચર્ચામાં હતું. એણે પણ જીવન દરમિયાન અધધ રૂપિયા રળ્યા હતા. મોટા મોટા બંગલા બંધાવ્યા હતા, મોંઘી ગાડીઓ લીધી હતી, આખા શહેરને વારે તહેવારે ભોજન સમારંભ માટે આમંત્રણ આપ્યું હતું. આજે એની ગેરહાજરીમાં એનું ભેગું થયેલું દેવું ચુકવવા એના ભવ્ય બંગલા અને ગાડીઓની હરાજી થઈ રહી હતી. લોકોને હજી વિશ્વાસ ન હતો આવી રહ્યો કે એ માણસને માથે દેવું હતું! એ માણસે જેટલા રૂપિયા કમાયા એટલા બધા ખર્ચી કાઢેલા અને પાછલી અવસ્થામાં એ મોટા બંગલા અને ગાડીઓને સાચવવા એણે બેંક પાસેથી લોન લેવી પડી હતી...

સાચે જ ખબર નથી પડતી કે શું કરવું જોઈએ? ચાદર હોય એટલા જ પગ ફેલાવો એવી વિચારધારામાં માનવા જઈએ તો આગળ વધવાની શક્યતા પર બ્રેક લાગી જાય છે અને હવામાં ઉડીએ ત્યારે નીચે પડી જવાની બીક લાગે છે. આ દુનિયામાં નાણાં વગર લોક નાથિયો કહે અને નાણે નાથાલાલ કહે ત્યારે નાથાલાલને પણ મનમાં કંઈક તો થતું હશે ને?

સરસ મજાનો સોજીનો શીરો કોઈ થાળીમાં પીરસી આપે, એમાં ઉપરથી જ કાજુ, બદામના ફાડિયા દેખાઈ રહ્યા હોય. તમે હજી પહેલી ચમચી મોંઢામાં મૂકવા જાઓ અને કોઈ કહે, "ખાજો હોં કાજુ બદામ ખાસ તમારા માટે જ નાંખ્યા છે.' તમે ડોકું હલાવી ફરી શિરામાં જીવ પરોવો છો, ફરી પહેલી ચમચી મોંઢામાં મૂકવા જાઓ ત્યાં કોઈ કહે છે, "ખાજો હોં...કાજુ બદામ શરીર માટે ખૂબ સારા!' આવું ને આવું ચાર વખત થાય પછી? શીરો ખાવાનો મૂડ મરી જાય કે બીજું કાંઈ?

આખો લેખ લખતા વચ્ચે વચ્ચે શિખામણ આપતી લીટીઓ ટાઈપ કરતા મને એવું લાગે છે કે હું તમારો રસભંગ કરી રહી છું. આટલું વાંચ્યા બાદ આ લેખમાંથી શું સાર લેવો જોઈએ એ હું તમારી ઉપર છોડું છું. મારા વાચકો મારા કરતા ક્યાંય વધારે સમજદાર છે એ હું જાણું છું!

અમસ્તું,

રૂપિયા વ્યાજવા મૂકો ત્યારે કેટલા પાછા આવશે એ ગણીને ખાતરીપૂર્વક કહી શકાય પણ કોઈ માણસમાં વિશ્વાસ મુકો ત્યારે શું થશે એ કોઈ નથી જાણતું!

@Niyati Kapadia

પ્રેમ એટલે એકબીજાથી એકબીજાને વધારે સુખ આપવાની હરીફાઈ

વ્હાલપના તાંતણાથી બાંધું
રે વિરલાને વ્હાલપના તાંતણાથી બાંધું
ઈંટ્ટા કીટ્ટાને શું રાખું ?
રે વિરલાને વ્હાલપના તાંતણાથી બાંધું.
આશિષ દીર્ઘાયુના માંગુ મંદિર દોડી
સુખમય જીવન તારું ચાચું રે હાથ જોડી
દીવડામાં પ્રાર્થનાને સાધું
રે વિરલાને વ્હાલપના તાંતણાથી બાંધું.

- યામિની વ્યાસ

●●●

શ્રાવણી પૂર્ણિમા... ભારતીય સંસ્કૃતિનું શિરોમણી પર્વ...! એનો પંચમુખી પ્રભાવ...રક્ષાબંધન...બળેવ...શ્રાવણી...નાળિયેરી પૂનમ...સંસ્કૃતિ દિવસ...પર્વ એક રંગ અનેક...આ પવિત્ર પર્વનું મહાત્મ્ય સાવ નોખું અનોખું....!

આપણા આર્ષદ્રષ્ટા ઋષિ મુનિઓ જીવનમર્મી હતા..ઘરેડબદ્ધ જીવાતા જીવનમાં એકવિધતાથી કંટાળેલા માનવને ઘડીભર હાશકારો આપવા અને જીવવાની નવી ઉર્જા પુરી પાડવા સમયાંતરે અવનવા પર્વો - ઉત્સવો યોજ્યા. જો કે આધુનિક માનવી પાસે મનોરંજનનીઅદ્યતન સુખ - સુવિધા હવે હાથવગી છે એટલે આ મહામૂલાં પર્વોનું પોત પાતળું પડતું જાય છે. આ તો સાપ ગયા ને લીસોટા રહ્યા...જેવું...છતાં માનવ્યને શ્રેષ્ઠતાના ઉચ્ચતમ શિખર પર સ્થિર રહેવાનું માર્ગદર્શન આપનારાં આપણાં ભારતીય પર્વોનું મહાત્મ્ય સમજાય અને ઉત્સવો સાચા અર્થમાં ઉજવાય તો સંસ્કૃતિ કોઈપણ કાળમાં પુનર્જીવિત થાય.

દોસ્તો, શ્રાવણી પૂર્ણિમા સાથે સંકળાયેલી કથા - વાર્તાઓ તો સૌ કોઈ જાણે છે જ. એટલે અહીં પર્વનો પાવનકારી મર્મ જાણવા - સમજવા થોડું ચિંતન કરીએ...

પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી (પૂ.દાદા) એ ' સંસ્કૃતિ પૂજન ' માં ભારતીય ઉત્સવો - પ્રતીકો વિશે વિશદ રસપ્રદ તાત્વિક ચર્ચા કરી છે.એમાં લખ્યું છે કે , ' જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણોનો યજ્ઞોપવિત બદલવાનો ઉત્સવ , ભક્તિપ્રધાન ભાઈ - બહેનોનો રક્ષાબંધનનો ઉત્સવ અને કર્મવીર વેપારીઓનો સમુદ્રપૂજનનો ઉત્સવ - આ ત્રણે ઉત્સવોનો ત્રિવેણી સંગમ એટલે જ શ્રાવણી પૂર્ણિમા.'

ભારત દ્વીપકલ્પ છે. દેશની ત્રણ બાજુ સાગર લહેરાય છે.જળમાર્ગે વેપાર કરનારા સાહસિક વહાણિયા... વાણીયા...વેપારીઓની પુણ્યશીલ અને પ્રેરણાદાયી સ્મૃતિ , સાગરમાં શ્રીફળ પધરાવતાં તાજી કરવાનો અવસર એટલે શ્રાવણી પૂર્ણિમાનું સાગર પૂજન.સૌરાષ્ટ્રના લોહાણા તેમજ સિંધી ભાઈઓ દરિયાલાલને દેવ માની પૂજન - અર્ચન કરે છે.આપણા પ્રાચીન વેપાર ધંધાની યાદ આ ઉત્સવ થકી તાજી થાય છે.આ ઉપરાંત સાગર પર સત્તા ચલાવનાર વરુણદેવને રિઝવવાની અદકી શ્રદ્ધા પણ જોડાયેલી છે.વળી 'સાગરે સર્વ તીર્થાનિ...' અને ' હૈયે વડવાનલ જલે તો ય સાગર ગીત મધુરાં ગાય..! ' એ વિશેનું અલગ તત્વચિંતન કરવા જેવું ખરું..

આ દેશના બહુજનવર્ગ માટે તો રક્ષાબંધનનું પર્વ ખાસ...રક્ષા અને બંધન આ શબ્દો જ પર્વ મહાત્મ્ય સુપેરે સમજાવી જાય છે.. પરંતુ આ બંધન ' સ્વતંત્રતા ' છિનવતું નથી આ તો પ્રેમનું બંધન છે.સ્ત્રી તરફ ભોગની નજર ધરાવનારાઓ...સ્ત્રી સમાનતાની ખોખલી વાતો કરનારાઓ...પાશ્ચાત્ય સંસ્કૃતિના રવાડે ચડેલી પ્રજાએ ...' યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા : ' આ ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત સ્ત્રી સન્માનની ભાવના સમજવી ઘટે..!

આજે આ પર્વ ભાઈ - બહેન સુધી સીમિત રહ્યું નથી... દેશની રક્ષા કરનારા સૈનિકો - ' રાખી ફોર ખાખી થી માંડીને.... સમાજસેવીઓ , વૃદ્ધાશ્રમ , જેલ , હૉસ્પિટલ... સુધી વિસ્તર્યું છે.આમેય પ્રેમ અને પાણી તો આપણા જીવનનાં ધારક તત્વો છે.એ જેટલા વિસ્તરે એટલા હિતાર્થક જ ને...!

લાગણીનો મેળો

રસિક વાળંદ

મિત્રો , જમણા કાંડે બંધાતો દોરો - સૂત્ર એટલે રક્ષાસૂત્ર....' રક્ષિકા ' ...જેને આપણે રાખડી કહીએ છીએ એ તો આદર અને આદર્શનું પ્રતીક છે.

આપણા બ્રાહ્મણો જનોઈ- યજ્ઞોપવિત ધારણ કરવાના...ઉપનયન સંસ્કાર ...કેવી ઉત્તમ બાબત...! ' ઉપ ' એટલે પાસે ..અને ' નયન ' એટલે લઈ જવું. શિષ્યને ગુરુ પાસે લઈ જવો. બીજો અર્થ નવી દૃષ્ટિ...અંતર્ચક્ષુ ખોલવા. એક કાળે સમાજનો મોટો વર્ગ જનોઈધારી હતો. આજે જે છે તે પણ ઉતારતા ગયા છે...આ ઉદાત્ત સંસ્કારનો ગર્ભિત સુર કદી પિછાણ્યો ખરો ?!! બાળક ગુરુકુળમાં દાખલ થાય ત્યારે ઉપવીત ધારણ કરે છે. આ બાળક ભવિષ્યમાં દેશનો નાગરિક થવાનો છે.એટલે જનોઈના ત્રણ તાર રૂપી એની ઉપર ત્રણ ભાર - ઋષિ ઋણ , દેવ ઋણ અને પિતૃ ઋણ - આ ત્રણનો દેવાદાર છે.એટલે જનોઈ ખભા ઉપર મૂકી. જે સતત સ્મરણમાં રહે.આ બધા પાછળનો શુભ હેતુ એ જ કે ઓછા નામે માણસ નગુણો તો ન જ બને.

મને ઘણીવાર વિચાર આવે કે ભારતીયો આખી વસુધાને કુટુંબ માનનારા છે.સકલ સૃષ્ટિ સાથે એકાત્મભાવ અનુભવનારા છે.એમની નિર્મળ આત્મીયતા જડ ચેતનમાં વ્યાપી છે...તો પછી આ ભેદભેદ...ઊંચનીચના ખોટા ખ્યાલો..અસ્પૃશ્યતાની હીનભાવના... ક્યારે અને ક્યાંથી જન્મી..?

આવાં સામાજિક પાપોએ આપણને અધમ , નિર્બળ ને મૂર્ખ સાબિત કર્યા છે, ત્યારે રક્ષાબંધનનું સ્નેહ પર્વ આપણને નિરપેક્ષ - નિરાકાંક્ષ સ્નેહનો સંદેશ આપી જાય છે.

આ પર્વના પ્રબોધ રૂપી સ્નેહનું સામ્રાજ્ય આપણા દલિત , પીડિત , શોષિત , વંચિત સુધી વિસ્તારી ભારતને વિશ્વગુરુને સ્થાને મૂકીએ એ આપણું ઈશ્વરદત્ત કર્તવ્ય છે એમ હું માનું છું...!!

સ્પર્શમણિઃ-

પ્રેમ એટલે એકબીજાથી એકબીજાને વધારે સુખ આપવાની હરીફાઈ.

મોટા માણસ બનવું એ બહું સારી વાત છે , પણ સારા માણસ બનવું એ બહું મોટી વાત છે..!

- rasikvaland1965@gmail.com
9913426949